રંગો અને રોશનીના તહેવારની તૈયારી શરૂ

■ હિન્દુ વર્ષ તેના અંતિમ દિવસો તરફ જઇ રહ્યું છે અને આગામી દિવસમાં દીપાવલી આવી રહી છે. આ તહેવારમાં રોશનીની સાથે સાથે દરેક લોકો આંગણામાં રંગોળી કરતાં હોવાથી તેની તૈયારી શરુ થઇ ગઇ છે. (તસવીર : સતીષ જાદવ)

બેરેજનું કામ ઝડપી થશે, કેન્દ્રની યોજનામાં સમાવેશ

બેરેજ માટે કેન્દ્રની 584.06 કરોડ અને રાજ્ય સરકારની 389.38 કરોડ ગ્રાન્ટ મંજૂર

યોજના માટેની સ્ક્રિનિંગ કમિટી અને બોર્ડની બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો

સુરતઃ તાપી નદી પર બનનારા સુરત મહાપાલિકાના બહુહેતુક બેરેજ પ્રોજેક્ટનો કેન્દ્ર સરકાર દ્વારા PMKSY-AIBP યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. ગઈકાલે મળેલી યોજના માટેની સ્ક્રિનિંગ કમિટી અને જળસંપત્તિ વિભાગના ડેલિગેટેડ ઈન્વેસ્ટમેન્ટ બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનામાં આ પ્રોજેક્ટનો સમાવેશ થવાને કારણે પ્રોજેક્ટની કામગીરીને ભારે વેગ મળશે. આ પ્રોજેક્ટ માટે કેન્દ્ર સરકાર દ્વારા 584.06 કરોડ અને રાજ્ય સરકાર દ્વારા 389.38 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ બેરેજ યોજનાને કારણે સુરતમાં પાણીના તળ ઉંચા આવશે. જેને કારણે જે વિસ્તારો ખારપાટમાં ફેરવાઈ રહ્યા છે અથવા તો જ્યાં પાણીનું સ્તર નીચે ઉતરી રહ્યું છે ત્યાં મોટો ફાયદો થશે.

આ બેરેજ પ્રોજેક્ટ સાકાર થતાં શું શું ફાયદો થશે ??

» આ બેરેજને કારણે રૂંઢથી સિંગણપોર વિયર સુધી 10 કિ.મી.નું સરોવર બનશે.

» આ સરોવરામાં 18.735 એમસીએમ મીઠા પાણીનો સંગ્રહ થશે, વોટર સ્પોર્ટ્સ શરૂ કરાશે

» બેરેજને કારણે 10.52 લાખ ક્યુસેક પાણીનો સંગ્રહ થશે, ભૂગર્ભ જળની સપાટી ઉંચી આવશે

» આ બેરેજને કારણે પૂરના સમયે પણ રક્ષણ મેળવી શકાશે

» બેરેજને કારણે રૂંઢથી સીધી પાલના ગૌરવપથ સુધીની નવી કનેક્ટિવિટી મળશે

50 વર્ષ સુધી સુરતને પાણીની તકલીફ નહીં પડે: સી.આર. પાટીલ

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે જણાવ્યું હતું કે, સુરત મહાપાલિકાની આ બેરેજ પ્રોજેક્ટનો PMKSY-AIBP યોજનામાં સમાવેશ કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટથી સુરત શહેરને 50 વર્ષ સુધી પીવાના પાણીની તકલીફ રહેશે નહીં.

345 ફૂટે છલોછલ ઉકાઈ ડેમમાં 40 હજાર ક્યુસેક પાણીની આવક

ડેમના 3 ગેટ ખોલી આવક જેટલું જ 40,322 ક્યુસેક પાણી છોડવાનું ચાલુ

શહેરનાં તાપમાનમાં દોઢ ડિગ્રીનો વધારો

સુરતઃ દક્ષિણ ગુજરાતની જીવનરેખા ગણાતા ઉકાઈ ડેમ આ વર્ષે ફરીથી તેની પૂર્ણ સપાટી 345 ફૂટે પહોંચી ગયો છે. ડેમની ભયજક સપાટી 345 ફૂટ ગણાય છે. હાલ ડેમમાં, ઉપરવાસમાંથી 40,322 ક્યુસેક પાણીની આવક થઈ રહી છે, જ્યારે ડેમમાંથી જાવક પણ એટલી જ, એટલે કે 40,322 ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

ડેમ ભરાઈ જતાં હાલ તેના 3 ગેટ 3 ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે અને તાપી નદીમાં પાણી છોડવામાં આવી રહ્યું છે. ડેમમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ થતા દક્ષિણ ગુજરાતના ખેડૂતોને સિંચાઈ માટે અને ઉદ્યોગો સાથે સામાન્ય નાગરિકોને પીવા માટે આવતા દોઢ વર્ષથી વધુ સમય સુધી પાણીની અછત નહીં પડે. આ સાથે જ ખેડૂતોની ચિંતાનો અંત આવ્યો છે. જ્યારે બીજી તરફ સુરત શહેરમાં આજે વરસાદી વિરામ જોવા મળ્યો અને સૂર્યપ્રકાશ સાથે તડકો નીકળ્યો હતો, જેના કારણે તાપમાનમાં વધારો નોંધાયો હતો. મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી વધીને 31.9 ડિગ્રી, જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને 24.8 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 74 ટકા અને દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

ડીપ ડિપ્રેશન સક્રિય, સૌરાષ્ટ્ર-કચ્છમાં વરસાદની સંભાવના, દ.ગુ.મા નહીંવત અસર

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, અરબી સમુદ્રમાં હાલમાં 'ડીપ ડિપ્રેશન' સક્રિય થયું છે. આગાહી મુજબ, આ સિસ્ટમ ચક્રવાત (સાયક્લોન) માં ફેરવાઈ શકે છે, જેના કારણે ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો પર અસર થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી દિવસોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને, રાજકોટ, જામનગર, પોરબંદર, દ્વારકા અને કચ્છના કેટલાક વિસ્તારોમાં વધુ સાવચેત રહેવાની જરૂર છે. હાલ દક્ષિણ ગુજરાતમાં તેની અસર નહિવત રહેવાની સંભાવના છે.

ઠગાઈના કેસમાં બિલ્ડર બંધુના જામીન નામંજૂર

ફુડસદમાં હાઉસિંગ પ્રોજેક્ટના નામે લાખોની ઠગાઈ આચરી હતી

સુરતઃ પુણા સમજુબા સોસાયટીમાં રહેતા કમલેશ જાની 2014માં મકાન શોધી રહ્યા હતા. ત્યારે દલાલ રવજીભાઈએ તેમની મુલાકાત ભાવેશ કલસરીયા સાથે કરાવી હતી. ત્યારબાદ ભાવેશભાઈ તેમને સરથાણા રોયલ આર્કેડની ઓફિસે લઈ ગયા હતા. જગદીશ અને ભાવેશે ફુડસદના રોયલ રેસિડેન્સી પ્રોજેક્ટમાં 36 મહિનામાં મકાન તૈયાર કરીને કબજો આપી દેવાનું કહ્યું હતું. જો મકાન ન લેવું હોય તો ડિપોઝિટના ડબલ પૈસા પરત આપવાની લાલચ આપી હતી. કમલેશભાઈએ રોકડા રૂ. 9.50 લાખ આપ્યા હતા. તેમને ડાયરીમાં કોડવર્ડથી લખાણ આપ્યું હતું. જેમાં રોહન પટેલ અને શેલેશ ગાંગાણીએ સહીઓ કરી હતી. 2016માં મારુતિ ડેવલપર્સ અને રોયલ ડેવલપર્સના ભાગીદારો મહેન્દ્ર પંડયા, જગદીશ કલસરીયા, પિયુષ વિરડીયા, વિમલ ગાજીપરા તથા ભાવેશ લાઠીયાના નામે દસ્તાવેજ થયા હતા. બાદમાં કમલેશભાઈને 2017માં સાટાખત કરી આપ્યો હતો. જો કે, 36 મહિને પણ મકાન તૈયાર ન થયા અને પૈસા પરત માંગતા તે પણ ન મળ્યા. પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં કમલેશભાઈની ફરિયાદને આધારે સરથાણા પોલીસે જગદીશભાઈ જેરામભાઈ કલસરીયા (રહે. ખોડલછાયા રો હાઉસ, મોટા વરાછા) અને ભાવેશભાઈ જેરામભાઈ કલસરીયા (રહે. શુકન સોસાયટી, સરથાણા) વિરુદ્ધ ફરિયાદ નોંધી ધરપકડ કરી હતી. જેલમાંથી મુક્ત થવા કલસરીયા બંધુઓએ જામીનઅરજી મૂકી હતી. મૂળ ફરિયાદી તરફે એડવોકેટ વિશાલ લાઠિયાએ હાજર રહી જામીનઅરજીનો વિરોધ કર્યો હતો.

મનપાએ ગ્રીન બોન્ડ માટે મુંબઈ નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે રોડ-શો યોજ્યો

સુરતઃ સુરત મનપા દ્વારા પર્યાવરણને અનુકૂળ વિકાસ કાર્યો માટે સૌ પ્રથમવાર 200 કરોડ રૂપિયાના ગ્રીન બોન્ડ ઈશ્યુ કરવામાં આવી રહ્યા છે. શુક્રવારે મુંબઈમાં નેશનલ સ્ટોક એક્સચેન્જ ખાતે સુરત મનપા દ્વારા ગ્રીન બોન્ડ અંગે માહિતી આપવા રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના કમિશનર અને મેયર વિડીયો કોન્ફરન્સ મારફતે જોડાયા હતા અને ગ્રીન બોન્ડ અંગે વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી હતી. રોડ-શોમાં આશરે 250 જેટલા પ્રતિનિધિઓ, ઈન્વેસ્ટરો અને ફાઈનાન્શિયલ નિષ્ણાતોએ હાજરી આપી હતી. આ પ્રસંગે સુરત મનપા કમિશનર શાલિની અગ્રવાલે શહેરના નવીન ઊર્જા, ગ્રીન ટ્રાન્સપોર્ટ, કચરો વ્યવસ્થાપન અને પર્યાવરણલક્ષી માળખાકીય વિકાસ વિશે માહિતી આપી હતી.

ઉધનામાં બસમાં વેપારીના ખિસ્સામાંથી રૂ.32 હજાર ગાયબ

સુરતઃ ગોપીપુરા વિસ્તારમાં આગમ મંદિર પાસે આવેલી જૂની અદાલતમાં રહેતા પ્રતિકભાઈ ધર્મેન્દ્રભાઈ ઝવેરી શેરબજારના વ્યવસાય સાથે સંકળાયેલા છે. 25 સપ્ટેમ્બર, 2025ના રોજ ઉધના ખરવર નગર BRTS બસ સ્ટેશનથી બસમાં બેઠા હતા. આ દરમિયાન તેમની પેન્ટના ખિસ્સામાં રૂપિયા 32,000 રોકડા તેમજ કેટલાક જરૂરી ડોક્યુમેન્ટ મૂકેલા હતા. બસમાં ભારે ભીડ હતી અને એ જ સમયે કોઈ અજાણ્યા ચોરે તેમની નજર ચૂકવીને રોકડ ભરેલું પર્સ ચોરી લીધું હતું. ચોરી ગયેલા પર્સમાં માત્ર રોકડા જ નહીં પરંતુ તેમની પત્ની સંબંધિત ડોક્યુમેન્ટ અને ક્લબ મેમ્બરશિપનું કાર્ડ પણ સામેલ હતું. પ્રતિકભાઈને પર્સ ગુમ થયાની ખબર પડતાં તેઓએ આસપાસ તપાસ કરી હતી.પરંતુ સફળતા ન મળતાં સીધા ઉધના પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સની તપાસ હાથ ધરી છે.

પાંડેસરામાં ચાલુ કાર, બાઈક પર કદાવર વૃક્ષ પડ્યું

બંને ચાલકનો ચમત્કારિક બચાવ

સુરતઃ શહેરના પાંડેસરા વિસ્તારમાં શુક્રવારે વહેલી સવારે બાટલીબોય કંપની પાસે આવેલું એક કદાવર વૃક્ષ અચાનક ધરાશાયી થતાં રસ્તા પરથી પસાર થઈ રહેલા વાહનો ઉપર પડ્યું હતું. આ ઘટનામાં એક કાર અને એક મોટરસાઈકલ વૃક્ષ નીચે દબાઈ જતાં ખુરદો બોલી ગયો હતો. જો કે સદનસીબે કારચાલક તેમજ બાઈકસવાર બંનેનો બચાવ થયો હતો. રમેશભાઈ રાઠોડ પોતાની કાર લઈને પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક વૃક્ષનો મોટો ભાગ તેમની કારના બોનેટ પર પડ્યો હતો. આ દરમિયાન અહીંથી એક મોટરસાઈકલ સવાર પણ પસાર થઈ રહ્યો હતો. ભારે અવાજ સાથે વૃક્ષ ધરાશાયી થતાં કાર અને બાઈક બન્ને વૃક્ષની ડાળીઓ નીચે દબાઈ ગઈ હતી. ઘટના જોનાર રાહદારીઓએ તરત જ ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં જ ભેસ્તાન ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. ફાયર સબ ઓફિસર વિજયસિંહ સોલંકીના જણાવ્યા મુજબ, ધરાશાયી વૃક્ષને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.

સિવિલમાં તબીબોને સુરક્ષાની ખાતરી મળતા હડતાળ ખેંચાઈ

સિવિલ તંત્ર દ્વારા તપાસ સમિતિની રચના, કસૂરવારો સામે પગલાં ભરવા તૈયારી

હડતાળિયા રેસિડેન્ટ ડોક્ટરોની આડોડાઈ, મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધની માંગ ઉઠાવી

નવી સિવિલ હોસ્પિટલના ટ્રોમા સેન્ટરમાં સુરક્ષાના મુદ્દે રેસીડન્ટ ડોક્ટરોની હડતાલના વિવાદમાં ઈમર્જન્સી વિભાગમાં મીડિયાના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની રેસીડન્ટ ડોક્ટરોની માંગ સામે ખટોદરા પોલીસ ઈન્સ્પેક્ટર બી.આર. રબારીએ કડક વલણ અપનાવ્યું હતું. ઈન્સ્પેક્ટર રબારીએ રેસીડન્ટ ડોક્ટરોને જવાબ આપતા કહ્યું, મીડિયા સ્વતંત્ર છે, તમે તેને કામ કરતા રોકી શકો નહીં. તમે તમારું કામ કરો, મીડિયા પોતાનું કામ કરશે.

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં સર્જરીના રેસીડન્ટ ડોક્ટરો અને સ્ટાફની અણધડ હડતાલે દર્દીઓને મુશ્કેલીમાં મુકી દીધા હતા. હડતાલ શરૂ કરવાના ૨૪ કલાક પહેલા સિવિલ કે મેડિકલ કોલેજના ડીનને જાણ કરવાની નિયમિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નહીં, જેના કારણે ઈમર્જન્સી વિભાગમાંથી પથી ૬ દર્દીઓને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પાલિકાની સ્મીમેર હોસ્પિટલમાં ખસેડવા પડ્યા હતા.

ગત રાત્રે સર્જરી વિભાગના અમુક રેસીડન્ટ ડોક્ટરો ઈમર્જન્સી વિભાગમાંથી અંદાજે ૬ કલાક માટે કામથી દૂર રહ્યા હતા. ત્યારબાદ અન્ય રેસીડન્ટ ડોક્ટરો પણ તેમની સાથે જોડાઈ ગયા, જેના પરિણામે હોસ્પિટલની ઈમર્જન્સી સેવાઓમાં વિક્ષેપ પડ્યો હતો. આ પહેલા પણ રેસીડન્ટ ડોક્ટરો વિવિધ માંગણીઓ લઈને હડતાલ કરી ચૂક્યા છે, પરંતુ તે સમયે ઈમર્જન્સી વિભાગ અને આઈસીયુમાંથી દાખલ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. જો કે, આ વખતે ઓચિંતી હડતાળે વધુ ગંભીર સ્થિતિ ઊભી કરી હતી.

સ્મીમેર હોસ્પિટલના અધિકારીએ જણાવ્યું, નવી સિવિલમાંથી ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા પથી ૬ દર્દીઓને ઈમરજન્સી જરૂરી સારવાર માટે અહીં લાવવામાં આવ્યા હતા. તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી છે. આ ઘટના પર સિવિલ હોસ્પિટલના અધિકારીઓ કે આરોગ્ય વિભાગ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી.

યુદ્ધ અંતિમ વિકલ્પ હોવો જોઈએ: નરવાણે

સંરક્ષણમાં મેક ઈન ઈન્ડિયા માટે સ્ટાર્ટઅપ્સ ખર્ચ, અસરકારક ઉકેલો પર ધ્યાન આપે: ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સ: બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઇઝન' વિષય પર પાવર સેશન યોજાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સંહતિ, સરસાણા, સુરત ખાતે 'નર્ચરિંગ સ્ટાર્ટઅપ્સ: બિલ્ડિંગ રેઝિલિયન્સ એન્ડ સ્કેલિંગ ન્યૂ હોરાઇઝન' વિષય પર પાવર સેશનને સંબોધતા ભારતીય સેનાના પૂર્વ પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણે (નિવૃત્ત) એ યુદ્ધની કિંમત, ભારતની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ માટે વ્યૂહાત્મક અને નાણાંકીય પાઠ' પર સ્થિતિ સ્થાપકતા, શિસ્ત અને વ્યૂહાત્મક આયોજન પર ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સ વ્યવસાયિકોને માર્ગદશન આપતા જણાવ્યું હતું કે, યુદ્ધ એ પ્રથમ નહીં પણ અંતિમ વિકલ્પ હોવો જોઈએ. સંરક્ષણમાં આત્મનિર્ભરતાની વાત કરતાં કહ્યું કે સંરક્ષણમાં પણ સ્ટાર્ટઅપ્સે મોટી ભૂમિકા ભજવવાની છે. આપણે હવાઈ જહાજ હજી બહારથી ખરીદવા પડે છે. લડાઈ હવે ડ્રોન અને એન્ટિ ડ્રોન સિસ્ટમની વચ્ચે છે. સ્ટાર્ટ અપ્સે ખર્ચ અસરકારક વિકલ્પો અને ઉકેલો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, તેવી સલાહ તેમણે આપી હતી.

ઈન્ડિયા એક્સલરેટરના સ્થાપક અને સી.ઈ.ઓ. તેમજ ફિનવોલ્વ વીસીના સહસ્થાપક આશિષ ભાટીયાએ માર્ગદર્શન આપતા નવા સ્ટાર્ટઅપને ઝડપી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે માર્ગદર્શન, નેટવર્કિંગ અને રોકાણકારો પાસેથી મૂડી મેળવવામાં મળી રહેલી મદદને સમર્થન આપતા સુરતની ઉદ્યોગ સાહસિક ઇકો સિસ્ટમને કેવી રીતે વિસ્તૃત કરી શકાય તે અંગે પ્રકાશ પાડ્યો હતો. તેમણે સ્ટાર્ટઅપ્સને બર્ગર બનાવવા સાથે સરખાવતા કહ્યું કે વિશ્વના 25% યુનિકોર્ન્સ સિલિકોન વેલીમાં છે. સમગ્ર દેશની સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં સુરતનો ક્રમ છેક 15મો છે, પણ હવે 45% સ્ટાર્ટઅપ્સ ટિયર 2-3 શહેરોમાં થઈ રહ્યા છે. સુરત વિશ્વનું સૌથી વધુ ઝડપથી વિકસતું શહેર છે. સુરતમાં સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમ વિકસવા માટેના તમામ ઘટકો હાજર છે. 90% હીરા પોલિશ કરતું સુરત હવે વિશ્વના સ્ટાર્ટઅપ્સને પોલિશ કરવા સજ્જ છે.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી બિજલ જરીવાલાએ સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, સફળતા માટે સૂર્ય ઉગે એ પહેલા ઉઠીને ઘોડાની જેમ દોડવું પડે છે. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ કાર્યક્રમની રૂપરેખા આપતા કહ્યું હતું કે, ભારતમાં સ્ટાર્ટઅપ અને યુનિકોર્ન ઈકોસિસ્ટમ ઝડપથી વિકસતી જાય છે, છતાં 90% સ્ટાર્ટઅપ્સ નિષ્ફળ જાય છે. જો કે, ભવિષ્ય સ્ટાર્ટઅપ્સનું જ છે.

ચેમ્બરના સભ્ય સમકિત શાહ અને ચેમ્બરની ઈન્કમ ટેક્સ કમિટીના કો-ચેરમેન એડવોકેટ અનિલ શાહે વક્તાઓનો પરિચય આપ્યો હતો. સેશનનું સંચાલન કાર્યક્રમના કન્વિનર ધર્મેશ મહેતાએ કર્યું હતું. ચેમ્બરના ડેપ્યુટી સેક્રેટરી પૌલિક દેસાઈએ સર્વેનો આભાર વિધિ કરી હતી.

ઉત્રાણમાં રૂ.6.77 લાખનો દારૂ ઝડપાયો

સુરતઃ શહેરની પીસીબી પોલીસે દમણથી લાવવામાં આવતો દારૂ ભરેલી કાર તથા તેની સાથે ચાલતી પાયલોટિંગ કાર રોકી પાંચ ખેપિયાઓને ઝડપી પાડ્યા છે. પકડાયેલા ખેપિયાઓમાં સુજીતભાઇ ઉર્ફે સુજીયો હર્ષદભાઈ પટેલ (રહે., ગોઈમા, વમળ ફળિયું, તા. પારડી, જિ.વલસાડ), કુણાલભાઈ ઉર્ફે લાલુ દોલતભાઈ પટેલ (રહે., ખુંટેજ, સરકારી કૂવા ફળિયું, તા.પારડી, જિ.વલસાડ), સ્નેહલભાઈ કીર્તિભાઈ પટેલ (રહે., અંબાચ ગામ, ભાણિયા ફળિયું, તા. પારડી, જિ.વલસાડ), કેતનભાઈ દિલીપભાઈ પટેલ (રહે., પારડી પરિયા ગામ, લાંગિયા ફળિયું, તા.પારડી) અને મનીષકુમાર ભરતભાઈ પટેલ (રહે., ખડકી ગામ, વાવ ફળિયું, તા. પારડી) નો સમાવેશ થાય છે.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી. ગોએન્કા સ્કૂલ દ્વારા જીવન કૌશલ્ય સત્ર યોજવામાં આવ્યું

સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરત દ્વારા ગત તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ગોયેંકન સામાજિક વર્તન વિષય હેઠળ દયાળું અને મદદરૂપ બનો વિષય પર જીવન કૌશલ્ય સત્ર શાળાના ઓડિટોરિયમમાં યોજાયું હતું. આ સત્રનું સંચાલન શ્રીમતી આંચલ મિત્તલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રેરણાત્મક વિડિયો દ્વારા કરવામાં આવી. ત્યારબાદ દયાળુતા જાર પ્રવૃત્તિ યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ પોતાની કરેલી સદ્ક્રિયાઓ લખી. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ મળીને દયાળુતા સંબંધિત કિસ્સાઓ રજૂ કર્યા અને ચર્ચા કરી કે રોજિંદા જીવનમાં મદદરૂપ કેવી રીતે રહી શકાય. એક ખાસ વિડિયાએ દયાળુતા વગરનું અને દયાળુતા ધરાવતું જીવન દર્શાવીને સમજાવ્યું કે કરુણાથી વિશ્વમાં પરિવર્તન આવી શકે છે. સત્રનો સમાપન આ સંદેશ સાથે થયો કે દયાળુતા માત્ર એક કાર્ય નથી, પરંતુ જીવન જીવવાની રીત છે જે દુનિયા બદલી શકે છે.

સુરતમાં સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા વિજયાદશમી મહોત્સવની ભવ્ય ઉજવણી

સુરતઃ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ-સુરત દ્વારા સતત ચોથા વર્ષે વિજયાદશમી ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જહાંગીરપુરા ખાતે આવેલા એસએમસી કોમ્યુનિટી પાર્ટી પ્લોટ પર યોજાયેલા આ મહોત્સવમાં શહેરના 46 જેટલા પેટા જ્ઞાતિના 2000થી વધુ બ્રાહ્મણો પરિવાર સાથે જોડાયા હતા. કાર્યક્રમમાં શમીના છોડનું પૂજન, શાસ્ત્ર પૂજન, શસ્ત્ર પૂજન, શસ્ત્ર દીક્ષા અને ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. અગ્નિ અખાડા નારાયણ મઠના મહંત વિશ્વેશ્વરનંદજી, મહંત હરિવંશ રાજગુરુ, નિવૃત્ત સૈનિક પરિષદના માર્ગદર્શક મનમોહનજી શર્મા અને સુરત પ્રમુખ દેસાઈજીની હાજરીમાં 50 યુવાનને શસ્ત્ર દીક્ષા આપવામાં આવી હતી. આ વર્ષે બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા દીકરા-દીકરી માટે લગ્ન મેળાપ સેન્ટર (ઓફલાઇન)ની પણ શરૂઆત કરવામાં આવી હતી. સાથે સુરતના સોમપુરા સમાજના મંદિર નિર્માણ માટે વપરાતાં ઓજારો અને શિલ્પ શાસ્ત્રનું પૂજન કરવામાં આવ્યું હતું. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરતના પ્રમુખ જયદીપ ત્રિવેદીએ જણાવ્યું કે, નવરાત્રિની આરાધના પછી દશેરાનું આ આયોજન સમાજને એક રાખે છે. આ કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, શૈક્ષણિક ક્ષેત્રના પ્રતિનિધિઓ અને રાજકીય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સમાં મેયર દક્ષેશ માવાણી મહામંત્રી તરીકે નિયુક્ત

સુરતઃ ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સ દ્વારા વર્ષ 2025ના સત્ર માટે રચાયેલી નવી એક્ઝિક્યુટિવ કમિટીમાં સુરતના પ્રથમ નાગરિક, મેયર દક્ષેશ માવાણીની મહામંત્રી (જનરલ સેક્રેટરી) પદ પર નિયુક્તિ કરવામાં આવી છે. આ નિમણૂક કાર્યકુશળતા, કાર્યદક્ષતા, કાર્ય પ્રત્યેનું સમર્પણ, નેતૃત્વ ક્ષમતા અને શહેરી શાસનક્ષેત્રમાં તેમના મહત્ત્વપૂર્ણ યોગદાનને ધ્યાને લઈ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. સંસ્થાના ઉદ્દેશ્યોને પોતાના માર્ગદર્શનથી વધુ સશક્ત બનાવવા અને ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે મેયર દક્ષેશ માવાણીની પસંદગી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. આ પ્રસંગે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ઓફ મેયર્સના સચિવ મનોજ ગુપ્તાએ મેયર દક્ષેશ માવાણીને અભિનંદન પાઠવતાં તેમની આ નવી જવાબદારીમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

સાઉથ ગુજરાત બ્રાહ્મણ ડોક્ટર્સ એસો.ના નવા હોદ્દેદારોની કાલે વરણી

સુરતઃ સાઉથ ગુજરાત બ્રાહ્મણ ડોક્ટર્સ એસોસિયેશનના ઉપક્રમે રવિવાર, તા.૦૫/૧૦/૨૦૨૫ના રોજ, વર્ષ ૨૦૨૫-૨૬ માટેનાં હોદ્દેદારોની વરણી તેમજ શપથવિધિ સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. નવી ટીમના પ્રતિનિધિ ડો.વિપુલ ત્રિવેદીને પ્રમુખ તરીકેનો તાજ પદ્મશ્રી મથુર સવાણીના હસ્તે પહેરાવવામાં આવશે. આ પ્રસંગે બી.એ.પી.એસ.સ્વામિનારાયણ સંપ્રદાયના વિદ્વાન સંત, પ્રભુચરણ સ્વામીજી, 'મેડિકલ પ્રોફેશન એન્ડ સ્પિરિચ્યુઆલિટી' વિષય પર આશીર્વચન આપશે. આ સાથે ૧૨ વર્ષોથી ખૂબજ મહેનત તથા ખંતથી સંસ્થાને ઊંચાઈ પર લાવનાર પ્રમુખ ડો. રજનીકાંત દવે તેમજ મંત્રી ડો.સુદિપ જોષીને સન્માનિત કરવામાં આવશે.

SDCA અંડર ૧૬ ક્રિકેટ પસંદગી નેટ રવિવારે

સુરત : સુરત ડીસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનનાં ક્રિકેટ સેક્રેટરી ડો. નૈમેષ દેસાઈ જણાવે છે કે, ગુજરાત ક્રિકેટ એસોસિએશનના નેજા હેઠળ રમાનાર આંતર જિલ્લા (અંડર ૧૬) ક્રિકેટ ટુર્નામેન્ટની તૈયારી રૂપે સુરત જિલ્લાની અંડર ૧૬ ક્રિકેટ ટીમની પસંદગી માટે રવિવાર, તારીખ ૦૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર સવારે ૭:૦૦ વાગ્યે પસંદગી નેટ માટે હાજર થવું. તારીખ ૦૧ સપ્ટેમ્બર ૨૦૧૦ થી ૩૧ ઓગસ્ટ ૨૦૧૨ વચ્ચે જન્મેલા ખેલાડીઓ જ આ સિલેક્શનમાં ભાગ લઈ શકશે. રસ ધરાવનાર ખેલાડીઓએ ક્રિકેટ કીટ સાથે સફેદ ગણવેશમાં જન્મ તારીખનાં પુરાવા સાથે સમયસર રવિવાર, ૦૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સવારે ૭:૦૦ વાગ્યે લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ પર અંડર-૧૬ કોચ ભુપેન્દ્ર પટેલનો સંપર્ક કરવા જણાવાયું છે.

આગામી રવિવારે નાટ્યકાર કપિલદેવ શુક્લનો 75મો જન્મદિવસ ઉજવાશે

સુરતઃ જાણીતા નાટ્યકાર કપિલદેવ શુક્લના ૭૫માં જન્મદિને 60 કલાકારોની બનેલી સમિતી દ્વારા રવિવાર, તા. પાંચ ઓક્ટોબરની સાંજે ૫.૩૦ કલાકે જયવદન બોડાવાળા તારામોતી હોલ, પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, અઠવાલાઇન્સ, સુરત મુકામે અમૃતોત્સવ યોજાશે. જેમાં જે.ડી. મજીઠીયા મુખ્ય મહેમાન પદે અને ભાગ્યેશ ઝા, વીનેશ અંતાણી અને ડો. મહેશ ચંપકલાલના અતિથિવિશેષ પદે હાજરી આપશે. જે સમિતી દ્વારા આ આયોજન કરવામાં આવી રહ્યું છે તેમાં અધ્યક્ષ યઝદી કરંજીયા, કાર્યાધ્યક્ષ ડો. દક્ષેશ ઠાકર, મહામંત્રી રૂપીન પચ્ચીગર અને પંકજ પાઠકજી, મંત્રી નરેશ કાપડીઆ અને નિલય જોખાકર, કોષાધ્યક્ષ દેવાંગ જાગીરદાર, સંવાહકો રાજન ભટ્ટ અને બકુલ ટેલરનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કપિલદેવ શુક્લના નાટ્ય પ્રવાસ પૈકીના નાટકોના નાટ્ય અંશોની વિશેષ નાટ્ય પ્રસ્તુતિ ત્વિશા શુક્લ શાહ અને તેની ટીમ દ્વારા કરવામાં આવશે. આ પ્રસંગે કપિલદેવ શુક્લ સાથેના 37 મિત્રોના સ્